જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૧/૨૦૧૮ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૦/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૧૭૩ લીટર, ૨૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૧ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૫૯૫ બીયરટીન, ૦૨ કાર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૩૮,૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૧/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૦૨/૧૮**

**રામોલ :** હરજીભાઇ તળસીભાઇ પ્રજાપતી (ઉ.વ.૬૪)(રહે,નિલકંઠ ગ્રીન, પાંજરાપોળ પાસે વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૧/૧૮ ના કલાક ૧/૦૦ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના પહેલા માળે બાલ્કનીના દરવાજા નું લોક તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૫૫,૫૦૦/- તથા રોકડા રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૫,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ચૌધરી ચલાવે છે.

**ધાબા ઉપરથી પડી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૦૩/૧૮**

**રામોલ :** પ્રવિણભાઈ નાનુરામ કટારા (ઉ.વ.૨૬)(રહે,પહેલા માળે શ્રીનંદ હાઇટસ રામોલ મુળ રહે ગામ.મનપુર થાનાડુંગરપુર રાજસ્થાન) તા.૧૪/૧/૧૮ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે રામોલ શ્રીનંદ હાઈટસ “સી” બ્લોકના ધાબા ઉપર પતંગ ઉડાડતા હતા દરમ્યાન પોતાના શરીર નું બેલેન્સ ન જળવાતા નીચે પડી જતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભીખુભાઇ ભલાભાઇ ચલાવે છે.

**મણીનગર :** અંકીતભાઇ અશ્વીનભાઇ રાવળ (ઉ.વ.૨૯)(રહે,સુર્યનગર એપાર્ટમેન્ટ, જવાહર ચોક મણીનગર) તા.૧૪/૧/૧૮ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના એપાર્ટ્મેન્ટનાં ધાબા ઉપર પતંગ ઉડાડતા હતા દરમ્યાન ધાબા ઉપરથી નીચે પડી જતા, માથાના ભાગે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન સાંજનાં૫/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રવીણસિંહ શંકરસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.